દંસણમૂલો ધમ્મો
[ધર્મનું મૂળ સમ્યગ્દર્શન]




## —:જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ:—

જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે. આબાળગોપાળ સૌને સદાકાળ અખંડ પ્રતિભાસમય ત્રિકાળી સ્વ જણાય છે, પણ તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી ત્યાં એકત્વ કરતો થકો, 'જાણનાર જ જણાય છે' તેમ નહીં માનતાં, રાગાદિ પર જણાય છે એમ અજ્ઞાની પર સાથે એકત્વપૂર્વક જાણતો-માનતો હોવાથી તેને વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી. અને જ્ઞાની તો-'આ જાણનાર જણાય છે તે જ હું છું' એમ જાણનાર જ્ઞાયકને એકત્વપૂર્વક જાણતો-માનતો હોવાથી તેની વર્તમાન અવસ્થામાં (-જ્ઞાનકળામાં) અખંડનો સમ્યક્ પ્રતિભાસ થાય છે.